જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૧૦/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૮૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૯૯ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૯૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૩ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૩૮૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૩૮૭/૨૦૨૬**

નારણપુરાઃ દિપકકુમાર મફતલાલ મિસ્ત્રી (ઉ.વ.૫૭)(રહે, મુકુંદકુંજ સોસાયટી, કામેશ્વર મંદીર પાસે, નારણપુરા) એ તા.૦૧/૧૦/૨૦૨૬ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૨/૨૦૨૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નારણપુરા મિરામ્બીકા રોડ જાન્વી એપાર્ટમેન્ટ ખાતે આરોપી (૧) હરીન્દર ડોગરા (૨) રાજ કપુર અને (૩) બિરસિંગ ચૌધરી નાઓએ ભેગામળી દિપકકુમાર સાથે ટેલીફોનથી વાતચીત કરી વિશ્વાસમા લઈ તેમને દીલ્હી ખાતે બોલાવી, ઈક્વીટી ફંડ કે પ્રોજેક્ટ લોન આપવાની અલગ–અલગ પ્રોસેસના બહાને કુલ રૂપિયા ૮,૦૫,૦૦૦/– મેળવી લઈ, કોઈપણ પ્રકારનુ ઈક્વીટી ફંડ કે પ્રોજેક્ટ લોન આજદીન સુધી નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.પટેલ ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ (૧) જગદિશભાઇ શંકરલાલ પરમાર (ઉ.વ.૪૯)(રહે, ગેલાભાઇની વાડી, ઘી–કાંટા મેટ્રો સ્ટેશન સામે, ઘી–કાંટા) એ તા.૦૧/૧૦/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૯/૨૦૨૬ થી તા.૨૩/૦૯/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ જગદિશભાઇ પરમારના આઇ.સી.આઇ.સી.આઇ.બેંકના ખાતામાં તથા એચ.ડી.એફ.સી બેંકના ખાતામાં સાથે રજીસ્ટર કરાવેલ જગદિશભાઇના મોબાઇલ નંબરની માય જીયો એપ્લીકેશનમાં કોઇપણ રીતે લોગીન કરી, મોબાઇલ નંબરની ઇન–કમીંગ અને આઉટ–ગોઇંગ કોલની અને એસ.એમ.એસ.ની સર્વીસ બંધ કરાવી ત્યારબાદ મોબાઇલ નંબર અથવા બેંકમાં રજીસ્ટર થયેલ જગદિશભાઇના ઇ–મેઇલ આઇ.ડી. માં બ્રીચ કરી તેની મદદથી તેમના બંન્ને બેંક ખાતાના નેટ બેંકીંગના/યુ.પી.આઇ.એપ્લીકેશનના એક્સેસ મેળવી લઇ અલગ–અલગ ટ્રાન્જેકશન દ્વારા કુલ રૂપિયા ૬,૯૭,૨૫૫/– મેળવી લઇ જગદિશભાઇ પરમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એચ.ભેટારીયા ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ (૨) સમીરભાઇ રતિલાલ રામી (ઉ.વ.૪૫)(રહે.શ્રીસદન ફ્લેટ, ભાઠાગામ ચાર રસ્તા, સ્વામિનારાયણ પાર્ક-૨ ની બાજુમાં, વાસણા) એ તા.૦૧/૧૦/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૯/૨૦૨૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ ઓનલાઇન ઇન્ટરનેટ માધ્યમથી સમીરભાઇના મોબાઇલના વોટસએપ નંબરમાં NextGen mParivahan_1.0(2).apk ની માલવેર ફાઇલ મોકલી, તેમના મોબાઇલ ફોનનો એક્સેસ મેળવી, તેમના મોબાઇલ ફોનને અજાણ્યા નંબર +91 7822965014 ઉપર કોલ ફોરવર્ડીંગ કરી, મોબાઇલ નંબરના વોટસઅપમાં વર્ચુઅલ નંબર +1(555)312-7764 થી અંગ્રેજીમાં "Dear Sir/Mam Sir/Madam, Your vehicle GJ01KX1420 has been involved in a traffic violation. For more information, please download the application attached with this message from Traffic Police Department! Vehicle Number GJ01KX1420 Humbly clear the due and pay the challan of rupees one thousand on https://tinyurl.com/mParivahannextgenn to avoid any further legal action!" ના લખાણવાળો વોટસઅપ મેસેજ મોકલી, તેના નીચે લખેલ Pay/Now ઉપર ક્લિક કરતા, સમીરભાઇના RBL BANK Credit Card માંથી અલગ-અલગ ટ્રાન્ઝેકશન દ્વારા કુલ રૂપિયા ૫,૦૦,૦૦૦/-મેળવી લઇ સમીરભાઇ રામી સાથે વિશ્વાસઘાત અને છેંતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.વી.પટેલ ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ (૩) શ્યામલ બાનિકંઠ ભટ્ટાચાર્ય (ઉ.વ.૭૩)(રહે. ફેઝ-૧, મૈત્રી એવન્યુ બંગલો, મોટેરા) એ તા.૦૧/૧૦/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૯/૨૦૨૬ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ મોબાઇલ નંબર 098160 90960 ઉપરથી એક લીંક Your vehicle GJ01RN7298 has unpaid dues. If the amount is not cleared your case will be referred to C.O.U.R.T. Check here mparivahan.redirectme.net/76/ મોકલી તે લીંક દ્વારા શ્યામલભાઇનો ફોન હેક કરી તેમના મોબાઇલમાં આવેલ ટેક્ષ્ટ મેસેજ 8103900287 વાળા મોબાઇલ નંબર ઉપર ફોરવર્ડ કરી અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ રૂપિયા ૬,૬૬,૨૨૧/- મેળવી લઇ શ્યામલભાઇ ભટ્ટાચાર્ય સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.ડી.ચાવડા ચલાવે છે.

સરદારનગરઃ મયુરભાઇ નરેશકુમાર નાનવાણી (ઉ.વ.૨૮)(રહે. ડી-વોર્ડ, કુબેરનગર સરદારનગર) એ તા.૦૧/૧૦/૨૦૨૬ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૯/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ થી કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન અજાણી વ્યક્તિએ મોબાઇલ નંબર +918709720189 થી મયુરભાઇના મોબાઇલ ફોન ઉપર કોલ કરી પોતાની ઓળખ "અદાણી ગેસના કર્મચારી" તરીકે આપી, મયુરભાઇના વોટ્સઅપ મોબાઇલ નંબર ઉપર મોબાઇલ નંબર +919204024573 ના ધારકે અદાણી ગેસ બિલ પેમેન્ટ કરવાના બહાને એપ્લીકેશન મોકલી ઇન્સ્ટોલ કરાવી, મયુરભાઇના એસ.બી.આઇ.ના ક્રેડિટકાર્ડમાંથી અલગ-અલગ બે ટ્રાંજેક્શન દ્વારા કુલ રૂપિયા ૬૦,૪૯૨/- મેળવી લઇ મયુરભાઇ નાનવાણી સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એ.ગોહિલ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર ચાદી નં.૧૩૮૮/૨૦૨૬**

ઈસનપુરઃ રૂતાબહેન વા/ઓ આશિષભાઈ શાહ (રહે.પુર્વીનગર સુમનેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં ઈશ્વરનગર કેનાલ રોડ ઘોડાસર ઈસનપુર) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૯/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ થી કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો ખોલી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, મકાનમાંથી સોના-ચાંદી દાગીના અને કોપર વાયર મળી કુલ રૂપિયા ૮૩,૦૦૦/-મતાની ચોરી કરી લઈ ગઈ હતી.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી સી.એલ.રબારી ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૩૮૯/૨૦૨૬**

ચાંદખેડાઃ ઘાટલોડીયા અર્જુન ટાવરની બાજુમાં આકડીયા કોલોની ખાતે રહેતા અને મજુરી કામ કરતા સુરેશ સ/ઓ કાનાભાઈ કટારા (ઉ.વ.૨૬) (મુળ વતન. રાજસ્થાન) નાઓ ચાંદખેડા જગતપુર ગાર્ડન એરીયાની બાજુમાં મેગ્નેટ લક્ઝુરીયા ફ્લેટ ખાતે સાફ સફાઈની મજુરી કામે ગયા હતા. જ્યાં તા.૦૧/૧૦/૨૦૨૬ સવારના ૦૮/૪૫ વાગ્યા પહેલા મેગ્નેટ લક્ઝુરીયા ફ્લેટ ખાતે મકાન નંબર સી/૭૦૨ ની બાલ્કનીમાં સાફ સફાઈ કરતા હતા ત્યારે સાતમાં માળથી પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી આનંદકુમાર પરષોત્તમભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૩૯૦/૨૦૨૬**

સાબરમતીઃ વિશાલ બિપીનભાઈ રેજીનેટ (ઉ.વ.૪૨) (રહે. ન્યુ રેલવે કોલોની જવાહર ચોક સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૦/૨૦૨૬ કલાક ૧૦/૩૦ વાગ્યા પહેલાં પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રજનીકાંત શંકરલાલ ચલાવે છે.

ઓઢવઃ ઓઢવ વિધાનગર ભાથીજી મંદીર પાસે સરફેસ પેરેડાઈઝ ખાતે રહેતા મનોજભાઈ મહેન્દ્રભાઈ જોશી નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૦૧/૧૦/૨૦૨૬ કલાક ૦૪/૫૫ વાગ્યા પહેલા રહેણાંક ખાતે પાંચમા માળે ઘરના પેસેજવાળી જગ્યાએથી નીચે પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી